# Bi 121 OLD TESTAMENT

## પાઠ : ૧૬ મિસરનો અંદર યુસુફના ભાઈઓ (ઉત્પત્તિ ૪૨-૪૫)

જયારે માણસ ખરેખર ભુખ્યો થાય છે ત્યારે તે ખોરાક મેળવવા મરણયા પ્રયાસ કરે છે. કનાન દેશમાં પણ થોડોક વખત આવા દુકાળની પરિસ્થિતિ આવી હતી. યાકુબ પણ પોતાના બાળકોના ખોરાક માટે ચિંતીત હતો. લોકો કહતા હતા કે, મિસરમાં ખોરાક પુષ્કળ છે. પરંતુ દુ:ખની વાત એ હતી કે યહોવા દેવે પસંદ કરેલ દેશ તે મિસર ન હતો.

તેથી યાકુબે ખુબજ અંતના સમયે પ્રાર્થનાઓ સાથે ના છુટકે પોતાના ૧૦ બાળકોને પોતાના દેશ કનાનથી ૩૨૦ કિ.મી. દુર ખોરાક મેળવવા માટે મિસરમાં મોકલ્યા. તેણે પોતાના સૌથી નાના દિકરા બિન્યામીનને પોતાની પાસે જ ઘરમાં રહેવા દીધો. કારણે યાકુબને સૌથી મોટો ભય એ હતો કે પોતાની વહાલી પત્ની રાહેલથી થયેલ યુસફની જેવી પરિસ્થિતી તેની ન થાય.

૧૦ બાળકો મિસર દેશમાં ત્યાનાં અધિપતી પાસે અનાજ ખરીદવા માટે આવી પહોંચ્યા. તે સમય દરમિયાન તેઓએ જે પોતાના ભાઈ યુસુફને વેચી માર્યો હતો તેને ઓળખી શકયા નહિ. કારણકે યુસુફ તે મિસર દેશનો એક અધિપતી બની ગયો હતો. યુસુફને તરત જ પોતાના બાળપણમાં આવેલુ સ્વપ્ન યાદ આવી ગયુ. જેમાં (ઉત્પત્તિ ૩૭:૭) અનાજનો પ‌ળાઓ તેને નમે છે. આ સમય દરમિયાન યુસુફે નકકી કર્યુ કે તે પોતાની જાતને પોતાના ભાઈઓ આગળ પ્રગટ કરશે નહિ. તેણે નકકી કર્યુ કે ૨૦ વર્ષ પહેલા જે બાબત બની ગઈ હતી તનાથી તેના ભાઈઓના હૃદયમાં ફેરફાર થયો છે કે નહિ તે તે જોવા માંગતો હતો.

યુસુફે ખુબ કઠોરતાથી તેઓને પુછયું, "કે તમે કયાથી આવો છો ?" (ઉત્પત્તિ ૪૨:૭) ત્યારે તેઓએ કહયું કે "કનાન દેશમાંથી અમે અનાજ ખરીદવા આવ્યા છીએ." ત્યારે અધિપતિ યુસુફ બરાડી ઉઠયો ને કહયું ક, "તમે જુઠા છો અને તમે જાસુસ છો."

તેના ભાઈઓએ નકાર કરીને જણાવ્યુ કે, "અમે એક જ બાપના દિકરાઓ છીએ અને પ્રામાણિક છીએ અને અમારો નાનો ભાઈ કનાન દેશમાં પોતાના પિતા પાસે છે અને એક ભાઈનો પત્તા અમે જાણતા નથી."

અધિપતિ યુસુફ આ બધુ જ જાણતો હોવા છતા તેના દુભાશીયા મારફત જણાવ્યું કે, "તમારે તમારી વાત સાચી છે કે નહિ તે માટે એક ભાઈને અમારી પાસે કેદી તરીકે રાખવો પડશે. બાકીના ખોરાક લઈને પોતાને ઘેર જઈ શકો છો. પરતુ ત્યાર પછી તમે તમારા નાના ભાઈને લઈ આવો અને પછી હું માનીશ કે તમે સાચા છો. ત્યાર બાદ તેઓ એ શિમયોનને તેઓના દેખતા કેદખાનામાં બાંધીને રાખ્યો.

યુસુફે પોતાના ૯ ભાઈઓને દરેકને પોતાની ગુણોમાં નાણુ અને અનાજ ભરીને રવાના કર્યા. જયારે તેઓ પ્રથમ રાત્રીએ વિશ્રામ માટે ઉભા રહયા ત્યારે તેઓ દરેકને પોતાની ગુણોમાં અનાજ અને તેની ઉપર નાણા અને રૂપુ જોવા મળ્યા. ત્યારે તેઓ ભયના માર્યા એક બીજાને કહેવા લાગ્યા "દેવે આપણને શું કર્યુ છે ?" (ઉત્પત્તિ ૪૨:૨૮) તેઓ તરત જ પાછા પોતાના બાપ યાકુબ પાસે આવે છે અને દરેક બાબતો જણાવે છે. આ બધા બાબતો વિશે તેઓ ઘણા ચિંતિત બન્યા તથા કશુંજ સાંભળવા માટે આનાકાની કરવા લાગ્યા.

સમય જતા અનાજ ફરી ખાલી થયુ અને દુકાળની ભયંકર સ્થિતિમાં ભૂખના કારણે લોકો રોક-કકળ કરવા માંડયા ત્યારે યાકુબ પોતાના બાળકોને ફરી બોલાવીને ઈજીપ્તમાં અનાજ લેવા જવાનું કહય. ત્યારે યહુદાએ જણાવ્યું કે, ત્યાના અધિપતિએ ચેતવણી આપી છે કે જો તમે તમારા નાના ભાઈને સાથે નહિ લાવો તો હું ફરી અનાજ આપીશ નહિ.

ત્યારે યાકુબે પોતાના બાળકોને જણાવ્યું કે, "તમે બિનિયામીનને સાથે લઈને જશો નહિ કારણ કે, યુસુફ પણ નથી અને શિમાયોન પણ નથી તેથી હું કોઈને હવે ગુમાવવા માંગતો નથી. દરેક બાબત મારી વિરૂધ્ધ બની રહી છે. જો હું એને ગુમાવીશ તો હું દુ:ખમાં મૃત્યુ પામીશ.

યહુદાએ તરત જ પોતાના પિતાને વચન આપ્યું કે, 'હું મારા ભાઈને બિનિયામીનની વ્યકિતગત જવાબદારી લઉં છું પરંતુ અમને અનાજની જરૂર હોવાથી અમને જવા દે. ના છુટકે યાકુબ તૈયાર થાય છે અને પોતાના બાળકોને જણાવ્યું કે, "તમે દરેક પોતપોતાની ગૂણોમાં ગુગળ, મધ, તેજાના, બોળ, પિસ્તા, બદામ તથા બમણું નાણુ લેતા જાવ. ઈશ્વર તમારો સાથે છે. તમે જલદી શિમાયોન તથા બિનિયામિનને લઈને આવો."

જયારે યુસુફને બિનિયામિનને જોયો ત્યારે તે પોતાના કારભારીને જણાવ્યું કે, "આ માણસોને ઘરે લઈજા. ખોરાક તૈયાર કર અને આ માણસો બપોરે મારી સાથે જમશે. (ઉત્પત્તિ ૪૩:૧૬) ત્યારે તેના ભાઈઓ એ પોતાની ગુણોમાં જે કાંઈ બન્યું હતુ તે કબુલ કર્યુ અને ફરી તે પાછુ લાવ્યા છે તેમ જણાવ્યું. ત્યારે અધિપતિએ જણાવ્યું કે, "તમે કુશળ હશો. બિહોમાં તમારા તથા તમારા બાપના દેવે તમારી ગ્ણોમાં તમને સંપત્તિ આપી છે."

યુસફે પોતાનાં ઘરે આવ્યા ત્યારે તેના ભાઈઓએ તેની સમક્ષ નમન કરીને પોતે લાવેલી ભેટો ધરી. યુસફે પાતાનાં ભાઈઓની સાથે બિનયામીનને જોયો. જ તેની પોતાના માં નો દિકરો હતો. તેણે કહયું, "મારા દિકરા દેવ તારા પર કૃપા કરો." તેના ભાઈને લીધે તેનું હૈય્ ભરાઈ આવ્ય્ અને તેણે રડવાનું ઠેકાણુ શોધીને પોતાની ઓરડીમાં તે રડયો. તેણે તેઓન જમવા બેસાડયા. અને તેઓ તેની સામા, વડો તેના જયેષ્ઠપણા પ્રમાણે, તથા નાનો તેની વય પ્રમાણે, બેઠા; તેણે પોતાનો આગળનાં વાનાંમાંથી લઈને તેઓની આગળ પિરસ્યું પણ હરેકના ભાણા કરતાં બિન્યામીનનું ભાણું પાંચગણું હતું.

બીજી સવારે તેના બધા ભાઈઓને અનાજની ગુણો ભરી આપે છે અને બિનિયામિનની ગુણોમાં ૫ ગણું વધારે ભરી આપે છે. વળી યુસુફ પોતાના ચાકરને નિર્દેશ કરે છે કે, "બિનિયામિનની ગુણના મોંઢા આગળ રૂપાનું પ્યાલું મુકવાનું કહે છ.  જયારે તેઓ નિકળી ગયા ત્યારબાદયુસુફ પોતાના ચાકરને પાછળ દોડાવીને તે લોકોને પકડવાનું જણાવે છે અને તેણે જણાવ્યું કે તમે સારાના બદલામાં ભુંડુ કેમ કર્યુ. કોણે મારા શેઠનો ચાંદીનો પ્યાલો ચોર્યો છે.

ભાઈઓ ખુબજ દુઃખી થયા અને ખ્બજ દુઃખ સાથે ચાકરને જણાવ્યું છે અમે કશુંજ ચોર્યુ નથી. જો તમને અમારી ગુણોમાંથી કઈ ચોરેલી વસ્તુ મળશે તો અમે તમારા અધિપતિના ગલામ બનવા તૈયાર છીએ.

દરેક ભાઈઓ એ પોતાની ગુણો ખોલી અને છેલ્લે બિનિયામિનની ગુણમાંથી ચાંદીનો પ્યાલું મળે છે. ત્યારે તેઓએ પોતાના વસ્ત્ર ફાડયા અને મિસર પાછા આવ્યા.(ઉત્પત્તિ ૪૪:૧૩) અને યુસ્ફે જણાવ્યું કે, "તમે આ કેવુ કામ કય્ ?"

યહુદાએ ઉત્તર આપ્યો, "અમે અમારી નિર્દોષતા શી રીતે સાબિત કરી શકીએ હવે અમે બધા તારા ગુલામ છીએ."

અધિપતિ યુસફે જણાવ્યું કે, "જેના ગુણમાંથા પ્યાલુ મળ્યુ તે જ મારો ગુલામ બની રહેશે જયારે બાકીના તમે જઈ શકો છો. "

ત્યારે યહુદાએ જણાવ્યુ કે, "મે મારા પિતાને જામીનગીરી આપી છે કે બિનિયામિનને હું સહી સલામત ઘરે પાછો લાવીશ. આથી તેના બદલામાં તમે મને ગુલામ તરીકે રાખો. હવેથી હું મારા પિતાને વધુ દુઃખમાં જોવા માંગતો નથી, કેમકે મારો પિતા બિનિયામિનને ન જોઈને ચોકકસ મૃત્યુ પામશે.

અંતમાં યુસુફ પોતાની જાતને લાંબો સમય પોતાના ભાઈઓથી છુપાવી શકયો નહિ અને તેણે પોતાના બધા રખેવાળોને ઘરમાંથી બહાર નીકળવા હુકમ કયો. તે મોટેથી રડવા લાગ્યો અને પોતાની જાતને ઓળખાવતા કહયું કે "હું યુસફ છુ." તેના ભાઈઓ ગભરાઈ ગયા અને કઈપણ બોલી શકયા નહિ. (ઉત્પત્તિ ૪૫ઃ૩). યુસુફે કહયું, "આવો અને મને જુઓ હું તમારો ભાઈ છુ. જેને તમે ગુલામ થવાને વેચી દીધો હતો. તમે દિલગીર ન થાઓ અને તમારા મનમાં બળ્યા ન કરો. હજુ બે વર્ષ દુકાળ રહેવાનો છે અને પાંચ વર્ષ અનાજ પાકી શકશે નહિ. ઈશ્વરે મને તમારી આગળ તમને બચાવવા માટે મોકલી આપેલ છે. તમે મને અહિ મોકલ્યો નથી."

હવે તમે ઉતાવળથી મારા બાપની પાસે જાઓ અને તમે મારા જીવતા હોવાની ખબર આપો. મારા બાપને તથા તમારા બાળકોને તથા તેમના બાળકોને તથા ઢોરઢાંકને મારી પાસે

ગોશેન દેશમાં લઈ આવો. હું તમારે માટે ત્યાં બધી વ્યવસ્થા કરી આપીશ. જયારે ફારૂન રાજાએ આ આનંદના પ્રસગ વિશે સાંભળ્યું ત્યારે તેણે યુસફને મિસરના કોઈ પણ દેશમાં તઓને રહેવા માટે આપવાનું વચન આપ્યું.

આ એક અગત્યના ઉદાહરણ દવારા આપણને ઈશ્વરના અજાયબ એવા મનસુબાની જાણ થાય છે. યુસફ પોતે એકલો કે કુટુંબ તે આ દ્વારા બચ્યુ નથી. પરંતુ તેના દુઃખ અને સંકટો દ્વારા તેણે તેના આખા કુટુંબને આ ભયાનક દુકાળમાંથી બચાવ્યા. ઈશ્વર જુદા જુદા બનાવો દ્વારા આપણા વિશ્વાસની કસોટી કરે છે અને તે દ્વારા ફકત તેને જ માન અને મહિમા મળે તેવી ઈશ્વરની ઈચ્છા છે. ઘણીવાર આપણે તે સમજી શકતા નથી.

આ સત્ય વાર્તા દ્વારા આપણે જાણી શકીએ છીએ કે, ઈશ્વર પોતાના હેતુઓ પરિપૂર્ણ કરે છે અને આપણી જરૂરીયાતો પુરી પાડવા દ્વારા તેમજ આપણને અનંત જીવન આપે છે.

આ પાઠનું પુનરાવર્તન કરતા નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.

પ્ર.૧ યુસુફનાં ભાઈઓ જયારે મિસરમાં આવ્યા ત્યારે તઓમાં શું પરિવર્તન આવ્યું હતું?

(જ) (૬ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ છે કે,– તેણે જોયુ કે તેઓના ભાઈઓના હૃદય બદલાણ પામેલા છે – તો તમે સાચા છો.

પ્ર.૨ યુસુફને મિસરમાં લાવવાનો પરમેશ્વરનો ઈરાદો શો હતો ?

(જ) (૬ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ છે કે,– તેનો તથા તેના કુટુંબનો બચાવ થાય તે માટે– તો તમે સાચા છો.

પ્ર.૩ યહુદાના બિનિયામિન માટેના કયા વચનથી જાણી શકાય કે તેનું હૃદય પરિવર્તન પામેલુ છે ?

(જ) (૬ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ છે કે,– યહુદાએ યુસફને જણાવ્યું કે, તે પોતાના ભાઈ બિનિયામિનની સલામતી માટે જામીન રૂપ બન્યો છે – તો તમે સાચા છો.

શકય હોય ત્યાં સુધી યુસફની વાર્તાનો આ ૩જો ભાગ તેજ વ્યકિતને જણાવો જેને ૧લો અને ૨જો ભાગ સંભળાવ્યો હતો અને પુછો કે શું ઈશ્વર તેના બાળકોને સંભાળે છે. ? શું તેમને રહેવાને માટે સ્થળ તથા ખોરાક આપે છે ? આ બાબતો તેમને સમજાવો કે જે આપણે માનવુ જરૂરી છે.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકવા માટે બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.